અપીલ અરજી નં.૧૭૭ તા.૨૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૬–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) મીલેનીયમ માર્કેટથી નાળા તરફ સિલ્ક પ્લાઝાની બાજુમાં એક બાંધકામ તથા આ નવા બાંધકામની પાછળ પણ એક બાંધકામ ચાલુ છે તથા આ બાંધકામ ધ્વારા ખાડી પુરાણ ઉપર બાંધકામ સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૭૭/૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટની તા.૧૬–૬–૧૧ની અરજીથી મુદ્દાનં.(૧) મીલેનીયમ માર્કેટથી નાળા તરફ સિલ્ક પ્લાઝાની બાજુમાં એક બાંધકામ તથા આ નવા બાંધકામની પાછળ પણ એક બાંધકામ ચાલુ છે તથા આ બાંધકામ ધ્વારા ખાડી પુરાણ ઉપર બાંધકામ સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૧) થી (૫) ની માહિતી આપવા બાબતે લીંબાયતઝોન ધ્વારા કોઈ માહિતી ન આપવાથી તથા ડે.કમિ.(પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ./૧૪૨ તા.૧૧–૭–૧૧ના રોજ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા વધુમાં અરજદારે નિર્દિષ્ટ કરેલ વર્ણન વિસ્તાર ધરાવતી કોઈ દફતરી વિગત ઉપલબ્ધ છે કે કેમ ? તે જણાવવા અંગે પત્ર નં.આરટીઆઈ/ ૬૧૮ તા.૯–૮–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તથા અરજદારને શહેર વિકાસના જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી બાબતે નારાજગીનો આધાર રજુ કરવા તથા વધુમાં જા.મા.એ.સૂચિત કરેલ વિગતે મનપાના દફતરી સંદર્ભ નિભાવણી અનુસાર મિલ્કતની ઓળખ આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ ? તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૪ તા.૮–૮–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ ,લીંબાયતઝોન તરફથી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્ર નં.સા.ઈ.ઝોન/ લીંબાયત/ આરટીઆઈ/.નં.૯૫૯ તા.૨૪–૬–૧૧ ના પત્રની નકલ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૧૪૨ તા.૧૧–૭–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી કરેલ પાંચ અપીલો અંગે તા.૩–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬–૬–૧૧ ની અરજીથી મીલેનીયમ માર્કેટ પાછળ તેમજ આંજણા ડુંભાલ વિસ્તારના પાંચ સ્થળોની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. મુદ્દા નં. (૧) મીલેનીયમ માર્કેટથી નાળા તરફ સિલ્ક પ્લાઝાની બાજુમાં એક બાંધકામ તથા આ નવા બાંધકામની પાછળ પણ એક બાંધકામ ચાલુ છે તથા આ બાંધકામ ધ્વારા ખાડી પુરાણ ઉપર બાંધકામ સહિતની માહિતી વિ. મુદ્દા નં.(૨) મીલેનીયમ માર્કેટના પાછળના ગેટવાળા રોડ પર શીવકૃપા અને ગૌતમ માર્કેટની વચ્ચે બાંધકામ ચાલુ છે તેમાં પણ ખાડી પુરાણ પુરાણ ઉપર બાંધકામ સહિતની માહિતી. મુદ્દા નં.૩ વિશાલ ફેશન પ્રા.લિ. ટી.પી. સ્કીમ નં.૦૭ આંજણા સ્થિત પણ ભવ્ય ઈમારતનું બાંધકામ ચાલુ છે. મુદ્દા નં.(૪) મહેશ ઈન્ડ. એસ્ટેટ સ્થિત પ્લોટ નં.૧,૨,૮,૯ અને ૧૦ ૧૧ સુમપાના ડુંભાલ તરણકુંડ પાસે બાંધકામો ચાલે છે. મુદ્દા નં.૫ સુમપાના તરણકુંડની સામે પણ ઉપરમાં બાંધકામ ચાલુ છે. ઉપરોકત પાંચેય મુદ્દાઓમાં વર્ણવ્યા મુજબના તમામ બાંધકામો હાલ ચાલી રહયા હોઈ તેની રજાચિઠ્ઠી , પરવાનગી, પ્લાન પાસ, તથા કાયદેસરતા ઉપરાંત જે તે અધિકારએ સાઈટ વીઝીટ અગાઉ લીધી ન લીધી હોય તે મુજબની સંપૂર્ણ માહિતી આપવી. તેમજ મુદ્દા નં.૧,૨,૩ નજીક ખાડી હોવાથી ખાડીનું દબાણ ખાડીનું પુરાણ થયું ન થયું તે સહિતની સંપૂર્ણ માહિતી. તેમજ સ્થળ ઉપર રજાચિઠ્ઠી ડીસ્પ્લે ન કરી હોય અથવા રજાચિઠ્ઠી, પરવાનગી ન આપી હોય તેવા બાંધકામોમાં જે તે લાગત વળગતા જવાબદાર અધિકારીઓના નામ,હોદ્દા સહિતની માહિતી પૂરી પાડવી. જે

અંગે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/ લીંબાયત/ આરટીઆઈ/.નં.૯૫૯ તા.૨૪–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસ અધિકારીને આંશિક તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્રનં.ટીડીઓ/૧૪૨ તા.૧૧–૭–૧૧ થી અરજદારને લીંબાયતઝોન કચેરીમાં કરવામાં આવેલ અરજી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/૯૫૯ તા.૨૪–૬–૧૧ થી નિયત સમય અવધિ બાદ આંશિક માહિતી માટે તબદીલ થયેલ. જે તા.૨૭–૬–૧૧ ના રોજ મળેલ છે. જેના મુદ્દા નં.૧ થી ૫ અન્વયે જણાવવાનું કે મિલ્કતના રેવન્યુ રેકર્ડ મુજબના નંબર તથા ટીપી સ્કીમમાં સમાવિષ્ટ હોય તો ઓ.પી/એફ.પી/ નંબર વિસ્તાર /ગામનું ના વિગેરે અંગેની જરૂરી સ્પષ્ટતા કર્યેથી ઉકત અરજી અન્વયે જવાબ/માહિતી આપવાની કાર્યવાહી કરવામાં આવશે. તેવું સમય અવધિમાં જણાવેલ છે. જે બાબતે શહેર વિકાસ વિભાગ તરફથી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી તેમજ લીંબાયતઝોન તરફથી માહિતી નહીં આપવા બાબતે નારાજ થઈ તા.૨૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.જે બાબતે અપીલ તબકકે અત્રેથી આરટીઆઈ સેલ/૫૪૮ તા.૨૯–૭–૧૧ ના રોજ અરજદારને નારાજગીના આધાર તેમજ જાહેર માહિતી અધિકારીએ સૂચિત કરેલ વિગતો મનપાના દફતરી સંદર્ભ નિભાવવા અનુસાર મિલ્કતની ઓળખ આપી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તેની સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે તેમના તા.૩–૮–૧૧ ના પૂરક પ્રશ્નથી જે જે જગ્યાએ સ્થળ ઉપર રજાચિઠ્ઠી ડીસ્પ્લે નથી થયેલ તેનો જે તે સર્વ નંબર લખેલ નથી. તેવું જણાવેલ છે. પરંતુ અરજદાર તરફથી તેવી મિલ્કત વિગતો જણાવી જાહેર માહિતી અધિકારીને સ્પષ્ટતા કરેલ નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે કરેલ વર્ણન, વિસ્તાર મુજબની મિલ્કતો/બિલ્ડીંગના નામે કોઈ પણ પ્લાનો મંજુર કરવામાં આવતા નથી. તેવું જણાવેલ છે. અર્થાત બિલ્ડીંગના પ્લાનોની મંજુરી જે તે રેવન્યુ સર્વે નબર ટીપી નંબર પ્લોટ નંબર વિગેરેની મિલ્કતની ઓળખના આધાર ઉપર પ્લાનો મંજુર કરવામાં આવતા હોઈ તવી વિગતો પૂરી પાડવી આવશ્યક છે. જેથી લાગત જાહેર માહિતી અધિકારીઓને સંદિગ્ધ માહિતી અંગે સ્પષ્ટતા કરવાની રહે. અરજદારની મુદ્દા નં.૩ માં ટીપી નંબર તથા મુદ્દા નં.૪ માં પ્લોટ નંબરની વિગત જણાવેલ છે. પરંતુ બંનેમાં ટી.પી., સર્વે નંબર કે પ્લોટ નંબરની સંપૂર્ણ વિગત જણાવેલ નથી. તેમ છતાં જો તેના આધારે દફતર પરથી વિગત ઉપલબ્ધ હોય તો જાહેર માહિતી અધિકારી આપવા પ્રયત્ન કરી શકે. તેમજ લીંબાયતઝોન તરફથી અંશતઃ માહિતી તબદીલ કરેલ છે તો બાકીની માહિતી અંગે દફતરી ઉપલબ્ધ કે મિલકતની વિગતની સ્પષ્ટતા કરવા તેમજ માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ અને ૪ માં વિસ્તાર,ટીપી નંબર અથવા પ્લોટ નંબરની વિગતો જણાવેલ હોઈ જો તેના આધારે માહિતી તારવીને આપી શકાય તેમ હોય તો તે અંગે દફતરી ઉપલબ્ધ વિગતોની ચકાસણી કરી અન્યથા અરજદાર કક્ષાએથી સ્પષ્ટતા કર્યેથી તેમજ અન્ય સંદિગ્ધ મિલ્કતો અંગે અરજદાર તરફથી સ્પષ્ટતા કર્યેથી તેની માહિતી દિન–૭ માં આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજ ફી ભરપાઈ કરવાની રીતે અરજદારને અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) તથા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

અરજદારની અપીલ તબકકેની પૂરક રજૂઆત બાધંકામની રજાચિઠ્ઠી પ્લાન ડીસ્પ્લે નથી તે અંગે તકરાર નિવારણ બાબતે અરજદાર સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ